ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંક: પરિક્ષા/3875/2016

તા. 04-05-2016

પરિપત્ર: 125

<u>વિદ્યાર્થીઓને પરિક્ષામાં રાઈટર આપવા માટે કોલેજ સ્તરે રાઈટરનુ લિસ્ટ બનાવવા બાબત...</u>

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિમ્ન સંદર્ભિત પત્રો કરવામાં આવેલ છે.

1. પરિક્ષા સમયે અંધ વિદ્યાર્થીઓને રાઈટર આપવા અંગેનો પરિપત્ર નં. 15, પરિપત્રાંક: પરીક્ષા/60621/2004, તા. 19-02-2004.
2. દિવ્યાંગ (શારિરીક વિકલાંગ) કે અકસ્માતને કારણે હંગામી અપંગતાનો ભોગ બનેલ વિદ્યાર્થીઓને પરિક્ષામાં ગ્રાઉન્ડ ફ્લોર પર પરિક્ષામાં બેઠક વ્યવસ્થા ફાળવવા બાબતે પરિપત્ર નં. 70, પરિપત્રાંક: પરિક્ષા/2472/2016, તા. 13-04-2016.

જેમાં ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરિક્ષાઓમાં કોલેજો તરફથી રાઈટર આપવા માટે વ્યવસ્થા કરવા માટે જણાવવામાં આવેલ છે. પરંતુ વિદ્યાર્થીઓ તરફથી કોલેજો દ્વારા કોઈક કારણોસર રાઈટર ન આપવા સંદર્ભે વારંવાર રજૂઆતો આવે છે. કોલેજો દ્વારા કોઈક કારણોસર રાઈટર ન મળવાને લીધે વિદ્યાર્થીએ જાતે રાઈટરની વ્યવસ્થા કરવી પડે છે. ઘણીવાર છેલ્લી ઘડીએ રાઈટર આવવાની ના પાડી દે છે, તેથી વિદ્યાર્થી કફોડી પરિસ્થિતિમાં મુકાય છે.

આ પરિસ્થિતિ નિવારવા માનવીય સંવેદનાને ધ્યાને લઈને કોલેજોને સ્વંયસેવી રાઈટરનું લિસ્ટ તૈયાર રાખવા વિનંતી. જે કોલેજોમાં એન.એસ.એસ.ના યુનિટ ચાલતા હોય ત્યાં તેમની મદદ પણ લઈ શકાય. જેથી જરૂરિયાત પડે રાઈટરની જરૂર હોય તેવા વિદ્યાર્થીઓને કોલેજોમાંથી જ નિયમાનુસાર રાઈટર મળી શકે.

(ડો એન. કે. જૈન)
કા. કુલસચિવ

નકલ રવાના: ગુજરાત યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્ય અનુસ્નાતક કેન્દ્રો તરફ ઘટતી કાર્યવાહી અર્થે...

૭૨૬-૩૦૦-૬-૨૦૧૨

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

નં. પરીક્ષા/ ૬૦૬૨૧/૨૦૦૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૯-૨-૨૦૦૪

પરિપત્ર નં. : ૧૫

**પરીક્ષા સમયે અંધ વિદ્યાર્થીઓને રાઈટર આપવા તથા વધુ સમય આપવા અંગેનો પરીક્ષા કેન્દ્રો પર કૉલેજના આચાર્યશ્રીઓ, સંસ્થાના વડાશ્રીઓ તથા સીનિયર સુપરવાઈઝરશ્રીઓને સૂચના અંગેનો પરિપત્ર.**

આથી આ યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓના કૉલેજોના આચાર્યશ્રીઓ તથા ભવનોના અધ્યક્ષશ્રીઓને અને વધુમાં પરીક્ષા દરમ્યાન સીનિયર સુપરવાઈઝરની કામગીરી કરતાં સભ્યોને જણાવવાનું કે, આ યુનિવર્સિટીની General Instruction for the Guidance or Senior Supervisorsની બુકમાં ક્રમ નં. ૧૩, ૧૩-એ અને ૧૩-બીમાં જણાવ્યા પ્રમાણે.

13. The Senior Supervisor is authorised to give, in his direction, help of a writer to any candidate *solely on medical grounds* for answering the question-paper, provided the Senior Supervisor is fully satisfied regarding the need for a writer. The medical certificate submitted by the candidate setting that the candidate concerned is physically unfit to write the answer-papers shall be forwarded to the University office immediately. **The Senior Supervisor is also required to ensure and satisfy himself before permitting the candidate to take help of a writer that the writer so employed by the candidate possesses an academic qualification lower than that of the candidate and further that the writer so employed cannot be of undue help to the candidate in answering his question-paper.**

The expenses such as remuneration to the writer, extra supervision charges, etc., will have to be borne by the candidate concerned and should be collected from the candidate in advance. The name of the writer so permitted with particulars of his academic qualification, his address, etc., should invariably be reported immediately to the Registrar, along with the application supported by an appropriate medical certificate received from the candidate for such permission.

13-*A*. While permitting a blind candidate also to take help of a writer, the above instructions should be observed except that be should be exempted from payment of special supervision charges, if any. The blind candidates are further exempted from payment of examination of fees and as such the letter of the University Registrar granting such exemption of fees or a certificate from the Principal of the College or of a Senate member or of a Government Gazatted Officer regarding his blindness be called for to be produced, for verification insted of the fee-receipt.

13-*B*. A blind candidate appearing at any examinations of this University be given half an hour more for the paper of three hours and 20 minutes more for that of two hours.

અંધ વિદ્યાર્થીઓને ઉપરની કલમ ૧૩, ૧૩-એ અને ૧૩-બી પ્રમાણે જરૂરી રાઈટર આપવા તથા તે અંગે વધારાના સુપરવાઈઝરની ફી અંગેના અને નિયમ પ્રમાણે ત્રણ કલાકના પેપર માટે અડધો કલાક અને બે કલાકના પેપર માટે વીસ મીનીટનો સમય આપવો.

આ નિયમોનો ભંગ કરી કોઈ પણ પ્રકારની હેરાનગતી વિદ્યાર્થીને થશે તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રી/સંસ્થાના વડાશ્રીઓ તથા સીનિયર સુપરવાઈઝરની રહેશે. જેની લાગતાવળગતા સૌએ નોંધ લેવા વિનંતી છે.

કા. કુલસચિવ

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંક: પરિક્ષા/2472/2016

તા. 13-04-2016

પરિપત્ર: 70

**દિવ્યાંગ (શારિરીક વિકલાંગ) કે અકસ્માતને કારણે હંગામી અપંગતાનો ભોગ બનેલ વિદ્યાર્થીઓને પરિક્ષામાં ગ્રાઉન્ડ ફ્લોર પર પરિક્ષામાં બેઠક વ્યવસ્થા ફાળવવા બાબત...**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરિક્ષાઓમાં દિવ્યાંગ (શારિરીક વિકલાંગ) કે અકસ્માતનો ભોગ બનેલ વિદ્યાર્થીઓ તરફથી પરિક્ષા દરમિયાન પરિક્ષા કેન્દ્ર પર ગ્રાઉન્ડ ફ્લોર પર બેઠક વ્યવસ્થા ફાળવવા માટે ગુજરાત યુનિવર્સિટી ખાતે વારંવાર રજૂઆતો આવે છે. તેમની આ વ્યાજબી રજૂઆતોને ધ્યાને લઈને ગુણવત્તાને આધારે પરિક્ષા કેન્દ્રના સિનિયર સુપરવાઈઝરને આ અંગે વ્યાજબી નિર્ણય લેવા માટે સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

આ માટે દિવ્યાંગ (શારિરીક વિકલાંગ) કે અકસ્માતને કારણે હંગામી અપંગતાનો ભોગ બનેલ વિદ્યાર્થીએ સંબંધિત પરિક્ષા કેન્દ્રના સિનિયર સુપરવાઈઝરને લેખિતમાં રજૂઆત કરવાની રહેશે. જેની સાથે કાયમી અપંગતા માટે સરકારી હોસ્પિટલના સિવીલ સર્જન કે રેસિડેન્શીયલ મેડિકલ ઓફિસર દ્વારા શારિરીક વિકલાંગતા માટે અપાયેલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને અકસ્માતને કારણે હંગામી અપંગતાનો ભોગ બનેલ વિદ્યાર્થીએ એમ.એસ. (ઓર્થોપેડિક) ડોક્ટરનું પ્રમાણપત્ર કેસની ફાઈલની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે. પરિક્ષા કેન્દ્રની સીડીઓ ચડવામાં શારિરીક તકલીફ પડતી હોય તેવા દિવ્યાંગ (શારિરીક વિકલાંગ) વિદ્યાર્થીઓ કે જેમના પગમાં 40 ટકા કે વધુ અપંગતા હોય, ચાલવા માટે કેલિપરનો ઉપયોગ કરતા હોય, સહાયકની મદદથી ચાલવા કે પગથિયા ચડવા-ઉતરવા માટે મદદ લેતાં હોય અથવા અકસ્માતને કારણે હંગામી અપંગતાનો ભોગ બનેલા હોય તેવા વિદ્યાર્થીઓને પરિક્ષા કેન્દ્રના સિનિયર સુપરવાઈઝરને આ અંગેની પ્રમાણિકપણે શુધ્ધ બુધ્ધિથી પૂરતી ખાતરી થયેથી પરિક્ષા દરમિયાન પરિક્ષા કેન્દ્ર પર ગ્રાઉન્ડ ફ્લોર પર બેઠક વ્યવસ્થા ફાળવવા માટે મંજૂરી આપી શકશે.

(ડો એમ. કે. જૈન)
કા. કુલસચિવ

નકલ રવાના: ગુજરાત યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, ગુજરાત યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્ય અનુસ્નાતક કેન્દ્રો તરફ ઘટતી કાર્યવાહી અર્થે...